# ચિરાગે હિદાયત
# ૨૫૦

## આ અઠવાડિયાની મુનાસેબત

૦૭ રજબ/૦૩ માર્ચ : વિલાદતે હઝરત અબ્બાસ(અ.સ.)

૧૦ રજબ/૦૬ માર્ચ : વિલાદતે ઇમામ મોહમ્મદ તકી(અ.સ.)

## હઝરત અબ્બાસ(અ.સ.)નું ઇલ્મ

હઝરત અબ્બાસ(અ.સ.)માં માઅસૂમીન(અ.મુ.સ.)નું ઇલ્મ જાહેર થાય છે. આ વાત હકીકત છે કે ઇલ્મે ઇલાહીના માલિક ફક્ત અને ફક્ત હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) અને આલે રસૂલ(અ.મુ.સ.) છે. ઇન્સાનના ઇતિહાસમાં જો કોઇએ સલૂનીનો દાવો કર્યો અને તે દાવાની લાજ પણ રાખે તો તે ફક્ત આ લોકો જ હતા. હવે જાહેરી વાત છે કે આ ઘરમાં અને તેમની આગોશમાં ઉછરનારા જો ઇલ્મ અને માઅરેફતની બુલંદી હાંસિલ કરી લે તો તેમાં કોઇ તાઅજ્જુબ નથી.

આ જ આગોશમાં ઉછરીને જો કોઇ ખાતુન ‘આલેમાએ ગૈરે મોઅલ્લેમા’ કહેવાય. ‘આલેમાએ ગૈરે મોઅલ્લેમા’ જનાબે ઝયનબ(સ.અ.)નો લકબ છે અને તેનો મતલબ થાય છે કે તે આલેમા કે જેણે કોઇથી ઇલ્મ હાંસિલ નથી કર્યુ. તો તે જ આગોશમાં ઉછરીને જેને આપણે તમન્નાએ અલી કહીએ છીએ એટલે કે હઝરત અબ્બાસ(અ.સ.). જો તેઓ ઇલ્મો ફકાહત (ફિકહ)ની બુલંદી સુધી પહોંચી જાય તો કોઇ તાઅજ્જુબ નથી.

હઝરત અબ્બાસ(અ.સ.) શુજાઅત અને વફાદારીમાં એટલા મશહુર થયા કે બીજા કમાલાત તેમાં જ છુપાઇ ગયા. હઝરત

અબ્બાસ(અ.સ.)એ જે આગોશમાં આંખો ખોલી તે એક તરફ હઝરત અલી(અ.સ.) જેવા બાપ, બીજી તરફ હસનૈન(અ.મ.સ.) જેવા ભાઈઓ અને ત્રીજી તરફ આલેમાએ ગૈરે મોઅલ્લેમા જનાબે ઝયનબ(સ.અ.) જેવા બહેન હતા. આ સિવાય ઉમ્મુલ બનીન(સ.અ.) જેવા વાલેદા કે જેમનું આલેમા અને શાએરા હોવાનો ઝિક્ર કિતાબોમાં છે.

હઝરત અબ્બાસ(અ.સ.) પોતે પણ આલિમે રબ્બાની અને ઈલ્મે ઈલાહીના માલિક હતા. એ માટે કે હઝરત અબ્બાસ(અ.સ.) એક તરફ ફિતરી ઝહાનત એટલે કે અકલના એતેબારથી કામિલ હતા અને બીજી તરફ અમીરૂલ મોઅમેનીન(અ.સ.)એ આપ(અ.સ.)ને ઉછેરીને ઈસ્મતે કુબરા જનાબે ફાતેમા ઝહરા(સ.અ.)ની આરઝૂઓના મરકઝ બનાવી દીધા.

ઈતિહાસમાં નથી કે હઝરત અબ્બાસ(અ.સ.) એક પળ માટે પણ જનાબે ઝહરા(સ.અ.)ના ફરઝંદોની ઈસ્મતી અને ઈલ્મી માહોલથી દૂર રહ્યા હોય. આ બે ઈમામો(અ.મ.સ.)ની વચ્ચે રહીને આપ(અ.સ.)એ ખૂબ ઈલ્મ હાંસિલ કર્યું. ખુલુસતા, ઈતાઅત અને ઈબાદતની પાબંદી કરીને ઈલ્મ અને માઅરેફતની બુલંદી પર પહોંચ્યા.

હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)થી નકલ થયું છે કે ‘‘કોઈ શખ્સ ચાલીસ દિવસ સુધી અલ્લાહ માટે કામ અંજામ આપે તો તેના દિલ અને જુબાનમાંથી હિકમતના ઝરણાં ફૂટી નીકળે છે.’’ આ હદીસની રોશનીમાં તે શખ્સ માટે શું કહી શકાય કે જેણે પોતાની પૂરી ઉમ્ર અલ્લાહની ખુશનુદી અને તેની રેઝા માટે ગુજારી હોય તથા જે દરેક બૂરાઈથી પાક તેમજ દરેક નેક સિફતથી ભરેલા હોય.

હઝરત અબ્બાસ(અ.સ.) માટે આ રિવાયત પણ નકલ થયેલી છે કે જેનાથી આપ(અ.સ.)ના ઈલ્મમાં ઈલ્મે ઈલાહીની ગવાહી મળે છે. હઝરત અબ્બાસ(અ.સ.)ને એવી રીતે ઈલ્મ શિખવાડવામાં આવ્યું કે જેવી રીતે પક્ષી પોતાના બચ્ચાને દાણા આપે છે.

હઝરત અબ્બાસ(અ.સ.)ના બાળપણના વાકેઓ છે કે આપ(અ.સ.) એક દિવસ હઝરત અમીરૂલ મોઅમેનીન(અ.સ.)ની આગોશમાં બેઠા હતા અને બીજી તરફ જનાબે ઝયનબ(સ.અ.) બેઠા હતા. હઝરત અમીરૂલ મોઅમેનીન(અ.સ.)એ હઝરત અબ્બાસ(અ.સ.)ની તરફ જોઈને ફરમાવ્યું "બેટા! કહો એક." હઝરત અબ્બાસ(અ.સ.)એ કહ્યું "એક." ઈમામ(અ.સ.)એ ફરી ફરમાવ્યું "કહો. બે." હઝરત અબ્બાસ(અ.સ.)એ જવાબ આપ્યો કે "બાબાજાન! જે જુબાનથી મેં એક કહ્યું છે તે જુબાનથી મને બે કહેવામાં શર્મ આવી રહી છે." (એટલે કે જે જુબાનથી ખુદાની વહેદાનિય્યતનો એકરાર કરી લીધો તે જુબાનથી 'બે'નો લફ્ઝ ઈસ્તેમાલ નથી કરી શકતા.)

હઝરત અબ્બાસ(અ.સ.)ના આ જવાબથી જાહેર છે કે તે ઉમ્રમાં જ આપ(અ.સ.)ની અંદર ઈલ્મે ઈલાહી મૌજૂદ હતું કે જે આ ઉમ્રના બાળકો મહેસૂસ પણ નથી કરી શકતા.

આવો! આપણે બધા મળીને વાયદો કરીએ કે એહલેબૈત(અ.મુ.સ.)ની મિરાસ એટલે કે ઈલ્મ કે જેના વારિસ ફક્ત અને ફક્ત આપણે છીએ. તેને જે રીતે હાંસિલ કરી શકાય તે રીતે હાંસિલ કરીએ અને તેની હિફાઝતની ફરજ અદા કરીએ.

**પ્રકાશક :** હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ

**વેબસાઈટ :** www.hajinaji.com **ઈમેલ :** hajinajitrust@gmail.com